# માથા સાટે માથું લેવાની મનોવૃત્તિ માનવજાતના અસ્તિત્વ સામે ખતરો

લાંબા સમયથી વિશ્વના માથે તોળાઈ રહેલા ત્રીજા મહાવિનાશક યુદ્ધના ધૂમધડાકા વચ્ચે-વચ્ચે થોડા સમય માટે શાંત પડે છે અને પછી ફરી પાછા બમણા જોરથી સંભળાવા માંડે છે. 'યુદ્ધસ્ય કથા રમ્યા' એ સૂત્ર મુજબ દૂર બેઠાં-બેઠાં સ્ક્રીન પર એ અગ્નિખેલ જોવાની મજા માણી લેનારાઓ પણ તેની અવાંછિત નકારાત્મક આર્થિક અસરોનો અહેસાસ થતાં યુદ્ધે ચડેલા બન્ને દેશોની મૂર્ખતાભરી જીદ સામે મનોમન બળાપો ઠાલવતા રહે છે. સામાન્ય માનવીના પેટ અને રસોડા સુધી યુદ્ધની અસર પહોંચી રહી છે. વિશ્વના નેતાઓ નિરાંતે ઊડાઊડ કરે છે. કોઈ મધ્યસ્થી કરવાનું નાટક કરીને બન્ને બળિયાઓને વહાલા થવા અને લાઈમલાઈટમાં રહેવાની કોશિશ કરે છે. કોઈ મોઢું સીવેલી હાલતમાં અળગા રહી પોતાની શાંતિદૂતની મૌન ભૂમિકા ભજવી સંતોષ માને છે. અમેરિકા ઈતિહાસની સૌથી કારમી કસોટીમાંથી પસાર થઈ રહ્યું છે. તેના માટે ઈરાનને ધૂળ ચટાડવી એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. બીજી તરફ, યહૂદી રાષ્ટ્રને નેસ્તનાબૂદ કરવા માગતા ઈસ્લામી દેશનું કટ્ટર દુશ્મન ઈઝરાયલ મિત્ર દેશને સતત ભયભીત રાખતી ગુપ્ત માહિતી પૂરી પાડી ઉશ્કેરતું રહે છે. અમેરિકા થાકી ગયું છે, છતાં ઈરાન તૂટી-ફૂટી ગયું છે, તેનાં લશ્કરી થાણાં અને સંસાધનો નેસ્તનાબૂદ થવામાં કંઈ જ બાકી નથી રહ્યું, માટે જોખમરૂપ સાબિત થાય એવી દહેશત સકારણ પણ છે. તેથી ટ્રમ્પશાસને તેની સાથે કળથી નહીં, પણ બળથી કામ પાડવાનું નક્કી કર્યું છે. બળપ્રયોગના પહેલા અને બીજા જ દિવસે જે બોમ્બ વરસાવવામાં

**વિશ્વશાંતિની સુફિયાણી વાતો થતી રહે છે અને બીજી તરફ યુદ્ધના સમાચારો, નેતાઓનાં ભડકાઉ ભાષણો, મોતનો માતમ અને બાળકોનું ક્રંદન નિરંતર હેડલાઇન્સ બનતાં રહે છે**

આવ્યા, તેમાં શાળાની નિર્દોષ બાલિકાઓ તથા ઈરાનના સર્વોચ્ચ ધાર્મિક નેતા આયાતોલ્લા ખામનેઈ સહિત તેમના કુટુંબીજનો અને વરિષ્ઠ લશ્કરી અધિકારીઓનો ભોગ લેવાયો હતો. ભડભડિયા ટ્રમ્પ એવા દિવાસ્વપ્નમાં રાચતા રહ્યા કે સુપ્રીમ લીડર અને સેનાના સર્વોચ્ચ અધિકારીઓનો ખાત્મો બોલાવી દેવાથી ઈરાન શરણાગતિ સ્વીકારી લેશે. પરંતુ એ તેમની ભૂલભરેલી માન્યતા હતી. ઊલટાનું, ઈરાન વીફર્યું. તેની સૈન્યવ્યવસ્થા સુઆયોજિત હતી. એટલે અમેરિકા અને ઈઝરાયલને તેમની સ્વપ્નેય કલ્પના નહોતી એવો જડબાતોડ જવાબ મળ્યો.

અમેરિકાને ઈરાન સાથેનું વેર મોંઘું સાબિત થઈ પોતાના હસ્તક લઈ અમેરિકા ત્યાંથી પસાર થતાં વહાણો પાસેથી તેમના રક્ષણની જવાબદારી અદા કરવા બદલ તગડી ફી વસૂલ કરશે, એવી જાહેરાત કર્યા પછી હવે ઈરાન સાથે સમાધાનની શક્યતા જ ક્યાં બચે છે? જોકે બે દિવસ પછી ગંડુરાજા એ ફરમાન પાછું ખેંચી લે તો પણ કોઈ નવાઈ નહીં લાગે. એવું જરૂર લાગે છે કે ટૂંકા ગાળામાં ધૂંધવાયેલી અમેરિકન સેના પૂરી તાકાતથી ઈરાન પર જોરદાર હુમલા કરશે અને ઈરાન સાથે સહાનુભૂતિ ધરાવતા ચીન, રશિયા તથા ઉત્તર કોરિયા અમેરિકા સામે ઈરાનની મદદે ઊતરશે, તો એ ત્રીજું વિશ્વયુદ્ધ જ ફાટી નીકળ્યું ગણાશે.

વિશ્વશાંતિની સુફિયાણી વાતો થતી રહે છે અને બીજી તરફ યુદ્ધના સમાચારો, નેતાઓનાં ભડકાઉ ભાષણો, મોતનો માતમ અને બાળકોનું ક્રંદન નિરંતર હેડલાઈન્સ બનતાં રહે છે. કોઈને ઈસુની કરુણાની પરવા નથી, મહંમદ સાહેબના કથિત દુશ્મનને પણ ક્ષમા આપવાના ઉપદેશની ફિકર નથી, અને બુદ્ધના ઉપદેશની પણ અસર દેખાતી નથી. ઈરાન તો વેરની વસૂલાતની જ ભાષામાં બોલે છે.

ઈરાન આખું માથા સાટે માથું લેવાની કસમ ખાઈને પોતાના કરતાં ઘણી વધુ શક્તિશાળી અમેરિકા અને ઈઝરાયલ સામે ખતમ થઈ જવાની ખુમારીનો જ રિયાઝ કરી રહ્યું છે. તેના સુપ્રીમ લીડર મોજતબાએ પિતાની શબપેટી પર હાથ મૂકીને સોગંદ



ખાધા છે કે ઈરાનની સરકાર અને પ્રજા ઈઝરાયલ અને અમેરિકાના રાક્ષસી તાકાત ધરાવતા નેતાઓને તથા તેમના ટેકેદારોને જાનથી મારીને જંપશે. ટ્રમ્પના જમણા હાથ જેવા સલાહકાર મહાનુભાવના ઓચિંતા મોતને દુનિયા ઈરાનની કરામત માની રહી છે. જોકે તબીબી અહેવાલ મુજબ તે કાર્ડિયાક અરેસ્ટનો કેસ હતો અને ખુદ ઈરાન પણ તેનો 'જશ' લેવા તૈયાર નથી. છતાં ઈરાને એટલું તો કહ્યું જ છે કે આ ઘટના એક ઈશ્વરી સંકેત છે; હવે ઈરાનના દુશ્મનોની એક પછી એક ઓચિંતી વિદાય થવાની જ છે.

એવી જાહેરાત અમેરિકાના ગંડુરાજા રોજેરોજ કરતા રહે છે. જોકે આપણી દેશી કહેવત મુજબ મિયાંની ટાંગડી ઊંચી ને ઊંચી જ રહે છે.

કબૂલ કરવું પડે કે અમેરિકાની આંખમાં કણાની જેમ ખૂંચતા રહેલા ઈસ્લામિક રાષ્ટ્રની પ્રચંડ જીવનશક્તિ દાદ માગી લે તેવી છે. તે છેલ્લા શ્વાસ સુધી લડી લેશે, પણ હરગિઝ હાર સ્વીકારશે નહીં. સામે ટ્રમ્પ તેને કોઈ પણ ભોગે ઘૂંટણિયે પાડવાની જીદ સાથે અમેરિકાની અર્થવ્યવસ્થા અને આબરૂ લૂંટાવી દેવા કૃતસંકલ્પ દેખાય છે. સમાધાન માટે સામે ચાલીને આવેલા મુસ્લિમ રાષ્ટ્રોના પ્રયત્નોથી માંડ ગાડી થોડી પાટા પર ચડી હોય છે કે ટ્રમ્પને શૂરાતન ચડે છે. તેઓ અમેરિકાએ ઈરાનને પોતાની શરતો સ્વીકારવા મજબૂર કરી દીધું છે, જંગના મેદાનમાં હરાવી દીધું છે, એવી બડાશ હાંકી તેને બમણી તાકાતથી ત્રાટકવા તૈયાર કરી દે છે. ઈરાન અને ટ્રમ્પ એકબીજાને શયતાન તરીકે ચીતરતા રહે છે અને પછી ચંગેઝખાનને પણ સારો કહેવડાવે એવી હેવાનિયત આચરતાં રહે છે.

ઈરાન પાસે ગેસ અને તેલનાં જહાજો પર નિયંત્રણ મેળવવાની કુદરતી ચાવી સમો હોર્મુઝ સામુદ્રધુનીનો જળમાર્ગ છે. અમેરિકા સહિત આખી દુનિયા એ આંતરરાષ્ટ્રીય જળમાર્ગ પર જહાજોની અવરજવર અંગે ઈરાનની કનડગત ન રહે એ મુદ્દે કૃતસંકલ્પ છે. પરંતુ ઈરાન માટે તો દુનિયાને પોતાની સાથે સુમેળભર્યા સંબંધો રાખવા મજબૂર કરે એવું એ એકમાત્ર અમોઘ કુદરતી વરદાન છે; તેથી તે પોતાનો આ વિશેષાધિકાર જતો કરવા કોઈ પણ સંજોગોમાં તૈયાર નથી.

ઈરાન ઘણા લાંબા સમયથી અણુશસ્ત્રો બનાવવા માટેની સામગ્રી અને વિજ્ઞાન ધરાવે છે. અમેરિકા અને ઈઝરાયલ તેને કોઈ પણ સંજોગોમાં અણુશક્તિ તરીકે સ્થાપિત થવા દેવા સહમત નથી. યુરોપ સહિત વિશ્વના ઘણા દેશો આ મુદ્દે અમેરિકાની સાથે છે. ઈરાન પાસે પરમાણુ શસ્ત્રો આવી જાય તો તે જગત રહ્યું છે. એટલે નેતન્યાહુને નારાજ કરીને પણ ટ્રમ્પ પાકિસ્તાન જેવા મધ્યસ્થીને સાથે રાખીને તેની સાથે સમાધાન કરવાની કોશિશ કરતા રહ્યા છે. ખાટલે મોટી ખોટ એ છે કે તેમને સમાધાનની ભાષામાં વાત કરતાં આવડતું જ નથી. ઈરાન સાથેની વાટાઘાટો માટે જરૂરી વિનય-વિવેકનો ટ્રમ્પના વ્યક્તિત્વમાં સદંતર અભાવ છે. એટલે એક વખત થૂંકેલું ફરી ચાટે

**મનકા સિતાર**
**કેશુભાઇ દેસાઇ**

છે ત્યારે દુનિયાનો પ્રબુદ્ધ નાગરિક જ નહીં, બલકે સાવ અભણ અને નગણ્ય માનવી પણ તેમને ગાંડા ગણીને હસે છે. તેમના મનમાં પોતાના બોલનો કોઈ તોલ જ નથી.

છેલ્લે આયાતોલ્લા ખામનેઈની દુનિયાભરને ચકિત કરી મૂકનારી ભવ્ય અંતિમયાત્રા વખતે તેમણે કેવું બેહૂદું નિવેદન કર્યું હતું! તેમણે કોઈ પણ શરમ વગર બકી નાખ્યું હતું કે, "હું ધારું તો હાલ એક જ ઠેકાણે બોમ્બ વરસાવી પળવારમાં ઈરાનની આખી નેતાગીરીને ખતમ કરી શકું, પણ પછી વાટાઘાટો કોની સાથે કરવી?" આવાં કટાક્ષમય કડવાં નિવેદનો ટ્રમ્પને લોકદષ્ટિમાં કનિષ્ઠ નેતા સાબિત કરે છે અને સામે કટ્ટરવાદી તથા બદલો લેવાની ભાવનાવાળી ઈરાનની નેતાગીરીએ પોતાના હિટલિસ્ટમાં ટ્રમ્પ અને નેતન્યાહુ સહિત બીજા નેતાઓનાં નામ જાહેર કર્યા હોવા છતાં લોકો તેમના પ્રત્યે નફરત વ્યક્ત કરતા નથી.

ટ્રમ્પે પોતાની સાથે કંઈ અઘટિત બને તો ઈરાનને નકશામાંથી નાબૂદ કરી દેવાના આગોતરા આદેશો આપી રાખ્યા છે, એવી જાહેરાત પણ કરી દીધી છે. કેવું હાસ્યાસ્પદ લાગે! હોર્મુઝ સામુદ્રધુનીનું નિયંત્રણ

વિશ્વગુરુ તરીકે સ્થાપિત થઈ જવાની ઉતાવળમાં ભારત આખી દુનિયામાં ઊડાઊડ તો બહુ કરે છે, પરંતુ આ હિંસક અને વિધ્વંસક યુદ્ધખોર દુનિયામાં તે અતડું પડી ગયું છે. પોતાનો અવાજ કોઈ સાંભળવાનો નથી એમ સમજી મૌન રહીને દૂર ઊભું-ઊભું તમાશો જોઈ રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ પર અમેરિકાનું નિયંત્રણ હોય કે ઈરાનની હકૂમત ચાલતી રહે, ભારત માટે તો મોટો કર ચૂકવવા સિવાય બીજો વિકલ્પ જ નથી. રશિયા યુક્રેન સામેના યુદ્ધમાં થાકી ગયું છે; તેની દાઝ કાઢવા હવે તે ઈરાનને ખુલ્લી મદદ કરવા લાગ્યું છે.

આખરે અમેરિકાની દાદાગીરી ચીન અને રશિયાને થોડી જીરવાય! એકમેકના લોહીતરસ્યા બની ગયેલા યુદ્ધે ચડેલા દેશોની વિધ્વંસક મનોદશા માનવ ઈતિહાસમાં એક મૂર્ખતાભર્યું પ્રકરણ બની રહેશે, એમાં શંકાને સ્થાન નથી. ભવિષ્યની પ્રજા પોતાના જિદ્દી પૂર્વજોના આવા માનવતા વિરોધી અને સત્તાલક્ષી અભિગમ બદલ શરમ જ અનુભવશે.

ગાંધીની ખોટ અનુભવતી દુનિયાને બુદ્ધ, મહાવીર, ઈસુ અને મહંમદના ઉપદેશ હવે 'આઉટ ઑફ ડેટ' લાગતા હોય એવું જણાય છે.

***આપણા કવિની જાણીતી પંક્તિઓ યાદ આવે છે:***

***હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં;***
***લડો પાપો સામે વિમલ દિલના ગુપ્ત બળથી***




# શું ફિલ્મો અને ધારાવાહિકો એ સચ્ચાઈનું પ્રતીક છે?

તમે ના પાડો છો, પણ 'રામાયણ' ધારાવાહિકમાં તો બતાવ્યું હતું કે શ્રીરામે ધોબીના કહેવા પર સીતાજીને વનવાસ આપ્યો હતો. શું 'રામાયણ' ધારાવાહિકમાં અસત્ય બતાવ્યું હોય? સોનમ વાંગચુક તો મહાન વૈજ્ઞાનિક છે. તમને ખબર છે, તેમના નામે ૪૦૦થી વધુ પેટન્ટ બોલે છે. સોનમ વાંગચુક એટલે 'થ્રી ઈડિયટ્સ'ના ફૂનસુખ વાંગડુ. ફિલ્મમાં બતાવ્યું છે કે તેઓ એક ગરીબ ઘરના દિકરા હતા. એક ધનિકને ત્યાં તેમના પિતા માળીનું કામ કરતા હતા. તેઓ બહુ જિનિયસ છે. ભારતમાં તેમનું સન્માન નથી. ભારતની જનતા બહુ ભોળી છે. ફિલ્મો અને ધારાવાહિકોને સચ્ચાઈનું પ્રતીક માની બેસે છે. દા.ત. 'દીવાર' ફિલ્મ હાજી મસ્તાન નામના ગુંડા પર આધારિત હતી તેમ કહેવાય છે. શું હાજી મસ્તાન હિન્દુ હતો? ફિલ્મમાં તો વિજય વર્મા નામ છે. ફિલ્મમાં વિજય વર્માના પિતા પર ચોરીનો આળ આવે છે અને ગુંડાઓ વિજયના હાથ પર ગોદી નાખે છે, 'મેરા બાપ ચોર હૈ.' આવું ક્યાંય સાચા જીવનમાં જોયું? પણ આ બધી સલીમ-જાવેદના ફળદ્રુપ મગજની ઉપજ હતી.

એ સમય ૭૦ના દાયકાનો હતો. ત્યારે તો માની શકાય કે ભારતની જનતા પાસે હકીકતની ચકાસણી કરવા બહુ ઝાઝાં સંસાધનો નહોતાં. પુસ્તકો અને સમાચારપત્રો બે જ માધ્યમો હતાં. આ બંનેમાં લખનારા વર્ગ પાસે પણ અંગ્રેજી કે હિન્દીમાં જે છપાય તે જ આધાર રહેતો. અંગ્રેજી અને હિન્દીમાં 'દીવાર' ફિલ્મનું સત્ય લખવાની કાં તો ઈચ્છા નહોતી, કારણ કે એ વખતે જેને પ્રભાવશાળી વર્ગ સત્ય માનતો હતો અને તે સત્ય સ્થાપિત કરવા કેટલીક છૂટછાટો આવશ્યક મનાતી હતી, તેને ઉથલાવી કેવી રીતે શકાય? ઉથલાવવાનો વિચાર જ નહોતો આવતો, કારણ કે બધા અંજાઈ ગયા હતા. પરંતુ આજે 'દીવાર' વિશેનું સત્ય લોકોના ધ્યાનમાં આવ્યું છે, તોય હજુ 'રામાયણ' વિશે ભ્રમ અને 'થ્રી ઈડિયટ્સ'નો ફૂનસુખ વાંગડુ એ જ સોનમ વાંગચુક અને સોનમ વાંગચુક એ જ ફૂનસુખ વાંગડુ તેવો ભ્રમ લોકોના મગજમાંથી દૂર નથી થયો. અત્યારે તો સત્ય મેળવવાનાં કેટલાંય માર્ગો અને સાધનો છે, તોય આ સ્થિતિ છે.

**ફિલ્મો અને ધારાવાહિકો એ ઐતિહાસિક સત્યના દસ્તાવેજ નથી, તે લોકોએ સમજવું પડશે**

**અબીલ ગુલાલ**
**જયવંત પંડયા**

આમિર ખાને તાજેતરમાં બ્રિટનમાં આયોજિત લંડન ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં 'લગાન'ની ૨૫મી વર્ષગાંઠની ઉજવણીના અવસરે ચોખ્ખેચોખ્ખું કહ્યું હતું કે, "ફૂનસુખ વાંગડુના પાત્રને સોનમ વાંગચુકના વ્યક્તિત્વ સાથે કંઈ લાગતું-વળગતું નથી. અમે જ્યારે ફિલ્મનું શૂટિંગ કરવા ગયા ત્યારે અમે તેમને ઓળખતા પણ નહોતા." પણ 'થ્રી ઈડિયટ્સ' ફિલ્મના ચતુર રામલિંગમનું પાત્ર ભજવનારા ઓમી વૈદ્યે જે કહ્યું તેને શું બદમાશી કહીશું? તેણે કહ્યું કે, "ફૂનસુખ વાંગડુ (એટલે કે સોનમ વાંગચુક) ઉપવાસથી મરી જાય તેમ હું નથી ઈચ્છતો." ફિલ્મનું એક મુખ્ય પાત્ર ભજવનારો ઓમી વૈદ્ય શું એ હકીકતથી અજાણ હોય ખરો કે ફૂનસુખ વાંગડુનું પાત્ર સોનમ વાંગચુક પર આધારિત નથી? કોઈ કહી શકે કે આમિરનું નિવેદન તો હમણાં, ૧૭ જુલાઈએ ધ્યાનમાં આવ્યું, જ્યારે ઓમી વૈદ્યે તો ૧૫મી જુલાઈએ નિવેદન આપ્યું હતું. પરંતુ થોભો! સોનમ વાંગચુકે પોતે આજથી નવ વર્ષ પહેલાં પ્રસારિત 'કૌન બનેગા કરોડપતિ'માં આ વાત કરી હતી. અગાઉ ફિલ્મના નિર્દેશક રાજકુમાર હિરાણીએ પણ કહ્યું હતું કે ફૂનસુખ વાંગડુનું પાત્ર સોનમ વાંગચુક પરથી નહીં, પરંતુ એવી વ્યક્તિ પરથી છે, જે ફિલ્મ નિર્માણમાં કારકિર્દી બનાવવા માગતો હતો, પરંતુ તેને પ્રતિષ્ઠિત સંસ્થા ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મળ્યો નહોતો.

તો આટલો મોટો ભ્રમ કેવી રીતે ફેલાયો? તે સમયે, ભૂલતો ન હોઉં તો, મીડિયામાં સોનમ વાંગચુક પરથી જ ફૂનસુખ વાંગડુનું પાત્ર આધારિત હોવાની મોટી-મોટી સ્ટોરીઓ છપાઈ હતી. તે શું ગપ્પાં હતાં? જેમ અમેરિકાના એક સામયિકે બાલેન શાહને કાઠમંડુના મેયર તરીકે ચમકાવ્યા અને પછી જેન-ઝીના આંદોલન બાદ બાલેન શાહ નેપાળના વડા પ્રધાન બન્યા, તેમ શું સોનમ વાંગચુકને ભવિષ્યમાં રાજકારણમાં આવે તે માટે એક પૃષ્ઠભૂમિ તૈયાર કરવામાં આવી રહી હતી? અને ભ્રમ પણ કેવાં? ફૂનસુખ વાંગડુ પાસે ૪૦૦ પેટન્ટ છે એટલે સોનમ વાંગચુક પાસે પણ છે. ફિલ્મમાં ફૂનસુખ વાંગડુ એક ગરીબ માળીનો દીકરો છે. પૈસા માટે તે રેન્ચો (રણછોડદાસ શામળદાસ ચાંચડ. શિમલામાં રહેતી વ્યક્તિનું નામ આવું હોય? આ તો ગુજરાતી નામ છે.) બનીને ભણે છે એટલે સોનમ વાંગચુક પણ ગરીબ પરિવારના છે.

સચ્ચાઈ શું છે? સોનમ વાંગચુક પાસે ટેન્ટ ડિઝાઈન સિવાય કોઈ વિશેષ પેટન્ટ નથી. તેઓ ગરીબ પરિવારના નથી. તેમના પિતા સોનમ વાંગયાલ લદાખના પ્રતિષ્ઠિત કોંગ્રેસી નેતા હતા. તેઓ કોંગ્રેસના લેહ એકમના અધ્યક્ષ હતા. ઈ.સ. ૧૯૫૭માં તેઓ લેહ બેઠક પરથી જમ્મુ-કાશ્મીર ધારાસભામાં ચૂંટાયા હતા અને સરકારમાં પ્રધાન પણ બન્યા હતા. ઈ.સ. ૧૯૮૭માં પક્ષવિરોધી પ્રવૃત્તિ માટે તેમને કોંગ્રેસમાંથી કાઢી મૂકવામાં આવ્યા હતા.

એવું જ 'રામાયણ'નું છે. કોંગ્રેસના નેતા, જે બાદમાં સ્વતંત્ર પક્ષના નેતા બન્યા હતા, તેવા દિગ્ગજ સી. રાજગોપાલાચારીએ તેમના પુસ્તક 'રામાયણ'ના પૃષ્ઠ ક્રમાંક ૪૭૫-૪૭૬ પર લખ્યું છે: "લોકોમાં ચર્ચા છે કે સીતાજીને પાછાં મેળવ્યા બાદ, કૌભાંડના ભયે, શ્રીરામે તેમને વનમાં મોકલી દીધાં. આ કરુણ પ્રકરણ અત્યારની આપણી સ્ત્રીઓની દુ:ખભરી કલ્પનામાંથી જ ચોક્કસ ઉદ્ભવ્યું હશે. હજારો વર્ષ પહેલાં લખાયેલા હસ્તલિખિત ગ્રંથ, જેમાં ચેડાં થવાની સંભાવના છે, તેના પર આપણે કેવી રીતે ટીપ્પણી કરી શકીએ?" આ જ રીતે ન્યૂયોર્કની સેન્ટ બોનવેન્ચર યુનિવર્સિટીમાં થિયોલોજીના પ્રાધ્યાપક કે. આર. સુંદરરાજને તેમના પુસ્તક 'હિન્દુ સ્પિરિચ્યુઆલિટી: વેદ્સ થ્રૂ વેદાંત, ભાગ-૧'માં પૃષ્ઠ ૧૦૬-૧૦૭ પર લખ્યું છે: "વિદ્વાનોના મતાનુસાર ઉત્તરકાંડ (જેમાં સીતાજીના ત્યાગની વાત આવે છે) ત્રીજી સદીમાં ઉમેરાયું હોવાની સંભાવના છે. શ્રીરામ વિષ્ણુના અવતાર હતા તે વાત પણ ઈશુની પ્રથમ સદીમાં ઉમેરાઈ હોવાનું સંભવ છે. વાલ્મીકિએ તો શ્રીરામને માનવ નાયક તરીકે જ આલેખ્યા છે."

જે 'રામાયણ' ધારાવાહિકના આધારે લોકોમાં એવી દૃઢ માન્યતા પેસી ગઈ છે કે શ્રીરામે સીતાજીનો ત્યાગ કર્યો હતો, તેના નિર્માતા રામાનંદ સાગર પોતે પોતાના આ ધારાવાહિકમાં ઉત્તરકાંડ બનાવવા માગતા નહોતા. પરંતુ વડા પ્રધાન કાર્યાલય (તે સમયે વડા પ્રધાન રાજીવ ગાંધી હતા) તરફથી કહેવામાં આવ્યું કે 'રામાયણ'નો બીજો ભાગ એટલે કે ઉત્તરકાંડ બનાવો. તો શું શ્રીરામને સ્ત્રીવિરોધી ચિતરવા માટેનું એ ષડ્યંત્ર હતું? કારણ કે તે પછી રાજકુમાર સંતોષીની 'લજ્જા' અને અનેક પુસ્તકો તથા સોશિયલ મીડિયામાં શ્રીરામ વિશે આ જૂઠાણું ચાલ્યું છે. ફિલ્મો અને ધારાવાહિકો એ ઐતિહાસિક સત્યના દસ્તાવેજ નથી, તે લોકોએ સમજવું પડશે.

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

આંકડો ભારતને લાંબા સમયથી અપાયેલા GDPના 6 ટકા ખર્ચના વાયદાની નજીક પહોંચાડતો નથી. 6 ટકાના આ લક્ષ્યાંકની ભલામણ સૌથી પહેલાં કોઠારી કમિશને 1964માં કરી હતી. 2020માં ભારતની પોતાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિએ પણ એનું પુનરાવર્તન કર્યું.

જે આંકડા સુધી પહોંચવાનો એક પછી એક સરકારોએ ભાગ્યે જ કોઈ ઈરાદો દેખાડ્યો હોય, એ જ આંકડો વારંવાર દોહરાવતા રહેવા માટે 62 વર્ષ બહુ લાંબો સમય ન કહેવાય? વચન અને ખર્ચ વચ્ચે, તપાસ અને જવાબદારી વચ્ચે રહેલી આ ખાઈમાં સોનમ વાંગચુકે પગ મૂક્યો છે. એટલે કે ઉપવાસ આદર્યા છે.

અભિજીત દીપકેના આંદોલનની મુખ્ય માગણી છે ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું અને તેની સાથે સમર્થન દર્શાવવા માટે વાંગચુકે 28 જૂને જંતરમંતર ખાતે અનિશ્ચિત મુદતના ઉપવાસ શરૂ કર્યા. જુલાઈના મધ્ય સુધીમાં તેમનું વજન કથિત રીતે નવ કિલોથી વધુ ઘટી ગયું હતું. ડૉક્ટરોએ તેમની કથળતી તબિયત અંગે ચેતવણી આપી, જ્યારે દિલ્હી હાઈ કોર્ટે સત્તાવાળાઓને તેમના સ્વાસ્થ્ય પર દેખરેખ રાખવા અને તબીબી રીતે જરૂરી બને તો હસ્તક્ષેપ કરવાનો નિર્દેશ આપ્યો. વિપક્ષના નેતાઓએ તેમને ઉપવાસ સમાપ્ત કરવાની અપીલ કરી. પરંતુ આ લખાય છે ત્યાં સુધીમાં પણ સરકાર તરફથી આ માગણી વિશે ચર્ચા કરવાની તૈયારી દર્શાવતો કોઈ જાહેર સંકેત મળ્યો નથી. આ સંઘર્ષમાં વાંગચુક પોતાની સાથે શું લઈને આવે છે અને શું નથી લાવતા એ વિશે પ્રામાણિક રહેવું જરૂરી છે. એક વર્ષથી પણ ઓછા સમય પહેલાં લદ્દાખમાં તેમના નેતૃત્વ હેઠળ થયેલા અન્ય એક ઉપવાસનો અંત સાવ જુદા સંજોગોમાં આવ્યો હતો. રાજ્યના દરજ્જા અને બંધારણીય સુરક્ષાની માગણી સાથે શરૂ થયેલા વિરોધ-પ્રદર્શન આગચંપી અને પોલીસ સાથેની અથડામણ સુધી પહોંચી ગયા હતા. પોલીસ ફાયરિંગમાં ચાર લોકોનાં મૃત્યુ થયાં હતાં. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વાંગચુક પર ઉશ્કેરણીજનક ભાષણો દ્વારા અશાંતિમાં ફાળો આપવાનો આરોપ મૂક્યો હતો. વાંગચુકે હિંસા ભડકાવ્યાનો ઈનકાર કર્યો હતો અને પોતે શાંતિ જાળવવાની અપીલ કરી હોવાનું કહ્યું હતું. આ ઈતિહાસ આપણને કોઈ પણ ઉપવાસીને સવાલોથી પર રહેલા નિષ્કલંક સંતમાં ફેરવી નાખતાં રોકે છે. કોઈ વ્યક્તિ મંત્રી પાસેથી જવાબદારીની માગણી કરે છે એટલા માત્રથી લેહની પહેલેથી તંગ પરિસ્થિતિમાં તેની ભાષાએ કોઈ ભૂમિકા ભજવી હતી કે નહીં એવા સવાલોમાંથી તેને મુક્તિ મળી જતી નથી, ભલે તે સરકારના આરોપને નકારતા હોય. પરંતુ વાંગચુકના ભૂતકાળ વિશે સવાલ ઉઠાવવો અને એ ભૂતકાળને આગળ ધરીને NEETના મૂળ પ્રશ્નને કોરાણે મૂકી દેવો, એ બે જુદી બાબતો છે. બીજા પ્રકારની દલીલ માટે એક શબ્દ છે: 'વ્હોટઅબાઉટરી'. વાંગચુકે લદ્દાખમાં શું કહ્યું હતું એ તપાસવું જરૂરી છે, પરંતુ એના આધારે NEETનું પેપર લીક થયું કે નહીં, લાખો વિદ્યાર્થીઓને ફરી પરીક્ષા કેમ આપવી પડી અને શિક્ષણપ્રધાનની રાજકીય જવાબદારી બને છે કે નહીં, એ સવાલો અપ્રસ્તુત થઈ જતા નથી. એમ કરવું એટલે દુ:ખે પેટ અને કૂટે માથું જેવો ઘાટ કરવો. હકીકત એ પણ છે કે વાંગચુક અત્યારે જે માગણી માટે પોતાનું સ્વાસ્થ્ય જોખમમાં મૂકી રહ્યા છે એની સાથે તેમનો કોઈ સીધો વ્યક્તિગત સંબંધ નથી. છતાં એ માગણીની પ્રાસંગિકતા ટકી રહે છે, કારણ કે એની પાછળ રહેલાં તથ્યો લેહ-લદ્દાખના બનાવોમાં વાંગચુકની ભૂમિકા શું હતી એના પર આધાર રાખતાં નથી. એ તથ્યો સીકરના કેમિસ્ટ્રી શિક્ષકની ગણતરી, એક ફોનમાંથી મળેલા મેટાડેટા, કોચિંગ સેન્ટર સુધી પહોંચતી નાણાંની કડી અને વર્ષોથી લગભગ સ્થિર રહેલો આંકડો દર્શાવતા આર્થિક સર્વેક્ષણના કોષ્ટક પર આધારિત છે.

અનુસંધાન પાના એકનું

## નો નોનસેન્સ

તરીકે વાપરે છે. તેમને ધર્મની માણસ ઘડનારી સાધનાપરક તેમ જ આધ્યાત્મિક બાજુ સાથે લેવાદેવા નથી. આવા લોકો પોતાની સાત પેઢીનું નખોદ વાળી દેશે પણ પાછો નહીં હટે. તામસિક માનસ ધરાવનારાઓની અંદર તેઓ તામસની ખેતી કરે છે. સો વરસથી આવી ખેતી કરવામાં આવી રહી છે અને હવે તેનાં પરિણામ સામે છે. તમે આ તામસની ખેતીના દાડિયા હતા.

હિંદુઓને આજે જે અનુભવ થઈ રહ્યો છે એ અનુભવ ભારતનાં મુસલમાનોને દાયકાઓ પહેલાં થયો હતો, પણ એમાંથી ધડો લેવાનું હિંદુઓએ મુનાસીબ નહોતું માન્યું.

હિન્દુત્વવાદીઓનો પણ એ જ ઈરાદો છે. સેક્યુલર હિંદુઓ, ઉદારમતવાદી હિંદુઓ, લઘુમતી કોમો, ભાષા અને પ્રદેશની અસ્મિતામાં માનનારાઓ, આદિવાસીઓની અલાયદી જીવનશૈલી જાળવી રાખવાનો આગ્રહ રાખનારાઓ, ન્યાય અને સમાનતાની માગણી કરનારા દલિતો, અન્ય પછાત કોમો, સીમાડાની પ્રજાઓ અને તેમની વિશેષ સ્થિતિને ધ્યાનમાં લેવાની માગણી કરનારાઓને હિંદુ ધર્મ અને હિંદુ રાષ્ટ્રના નામે હાંસિયામાં ધકેલી દેવાના. મીડિયા, લોકતંત્ર અને લોકતાંત્રિક સંસ્થાઓને કાયમ માટે કબજે કરી લેવાની કે જેથી તેઓ સત્તા સુધી પહોંચી જ ન શકે. ટૂંકમાં હિંદુ ધર્મ અને હિંદુરાષ્ટ્રના નામે ભારતીય રાષ્ટ્રને કબજે કરી લેવાનું. એ પછી દાયકાઓ સુધી આપણી સત્તાને કોઈ પડકારી નહીં શકે. કોઈ અન્ય હિંદુઓ સાથે સત્તામાં ભાગીદારી નહીં કરવી પડે. કોંગ્રેસના યુગમાં સત્તા ભલે કોંગ્રેસની હતી, પણ ઉપર કહ્યા એ દરેક કોંગ્રેસમાં ભાગીદાર હતા. આ સિવાય શિક્ષણ સંસ્થાઓને પણ કબજે કરી લેવાની કે જેથી તેમાં ભણેલા અભણ પેદા થાય જેનામાં વિચાર કરવાની અને પ્રશ્ન કરવાની આવડત જ ન હોય.